જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૧/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૨૦૨ લીટર દેશી દારૂ, ૪૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૭ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૫,૯૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૩૯/૨૦૨૬**

સેટેલાઈટઃ આનંદભાઇ ઘનજીભાઇ પરમાર (ઉ.વ.૩૫)(રહે.સેટેલાઇટ પાર્ક, ઇસ્કોન એપોરીયો પાછળ, સેટેલાઇટ) એ તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ આરોપી સમીરહુસેન મહંમદહનીદ મલેક (રહે.બી ચાલીસ ઇમારતે સરીયા કોલોની કાઝી મસ્જીદ પાસે, ગ્યાસપુર ફતેવાડી) સેટેલાઇટ જોધપુર ચાર રસ્તા પાસે ઇસ્કોન એપોરીયમ બિલ્ડીંગમાં આવેલ આનંદભાઇની ઓફીસ નંબર–૨૪૨ ખાતેથી મારૂતી સુઝુકી કંપનીની અર્ટીગા ફોર વ્હિલ ગાડી નંબર જીજે ૧૦ ઇએચ ૯૫૯૯ કિમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/– એપ મારફતે ઓનલાઇન ભાડા કરાર કરી ભાડેથી લઇ જઇ સમયસર ભાડુ ચુકવી આપવાનો વિશ્વાસ અને ભરોસો આપી, આજદિન સુધીનુ ભાડું રૂપિયા ૬૫,૦૦૦/– નહી ચુકવી તેમજ અર્ટીગા ફોર વ્હિલ ગાડી પરત નહી આપી આનંદભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.ખાંટ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૪૦/૨૦૨૬**

રીવરફ્રન્ટ વેસ્ટઃ જયેશભાઇ લાલચંદ્ર પાટીલ (ઉ.વ.૪૮)(રહે.સાઈડ એન્ડ સર્વિસ, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૧/૨૦૨૬ સવારના ૯/૧૫ વાગ્યાના સુમારે રિવરફ્રન્ટ પુર્વ તરફના ભાગે સીડી નંબર–૩૭ પાસે વોક–વે નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પુ.મ.સ.ઈ.શ્રી રિકલબેન મોહનભાઇ ચલાવે છે.

વેજલપુરઃ ખુશીલ સ/ઓ ચાંદમલ ટાંક (ઉ.વ.૨૫)(રહે.શ્રી સવા રેસીડેન્સી, નીલધારા સોસાયટી સામે, વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૧/૨૦૨૬ કલાક ૦૦/૩૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે રસ્સી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઇ પ્રભુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી